PGVCL — પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ — PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૪/ક્વા–૦૨/૧૭–૧૮/ ૭૦૬૬ તા. ૨૮/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શિયાણી રતીલાલ મોહનભાઈ અને શિયાણી દેવશીભાઈ નાગજીભાઈ,
— સ્થાન—
મધુરમ પાર્ક –૨, શેરી નં–૨,
આનંદ નગર મેઈન રોડ,
આર.એમ.સી. હોલ સામે,
રાજકોટ–૨
મો: ૯૪૨૬૨ ૪૭૬૯૧

**વિષય :–ખેતીવાડી વીજજોડાણ મા પાવર સપ્લાયા બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૪/ક્વા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. : ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 04 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૩૪/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૪–૦૮–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શિયાણી રતીલાલ મોહનભાઈ અને શિયાણી દેવશીભાઈ નાગજીભાઈ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી શિયાણી રતીલાલ મોહનભાઈ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ મા પાવર સપ્લયા બાબત**

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે,તેઓશ્રી ના જોડાણો ને પાવર સપ્લાય આપતી એવી ખુલ્લાતાર ની વીજલાઈન, જે ૧૫૦ ફુટ રીગ રોડ ને ક્રોસ કરી અને લાદી. ના કારખાના ઉપર થી પસાર કરી અને છાપરાઓ વાળા મકાનો પર જતી હોય, આ વીજલાઈન મા વારંવાર વીજવિક્ષેપ થતા હોય, આ વીજલાઈન ને – '' ખુલ્લાતાર ને બદલે એ.બી. કેબલ મુજબ ની કરી – જરૂર જણાયે રૂટ બદલી '' યોગ્ય કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર શ્રી ના હૈયાત ખેતીવાડી વીજજોડાણ ને, હૈયાત ખેતીવાડી ફીડર માથી, જે પ્રતિદીન ૧૦ કલાક વીજપુરવઠો મળી રહે છે, આ વીજપુરવઠો આપતી એલ.ટી. વીજલાઈન ના ખુલ્લાતાર બદલાવી અને '' એલ.ટી. એ.બી. કેબલ '' લગાડવાની કામગીરી, જે અગાઉ – અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની નોંધાયેલ એવી – ફરીયાદ નં: ૬૬/કવા–૦૧/૧૭–૧૮ – ના અનુસંધાને પીજીવીસીએલ તરફથી કાર્યવાહી સંપન્ન થતા, હાલ ના તબ્બકે, અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ ના વીજવિક્ષેપ ની સંખ્યા નહીવત થયેલ છે. |
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના ખેતીવાડી વીજજોડાણ ને ગુણવતાયુક્ત વીજપુરવઠો મળી રહે તે મુજબ ની કાર્યવાહી અગાઉ પીજીવીસીએલ દ્વારા કરાયેલ હોવા છતા, ફરીયાદી અરજદાર શ્રી એ, હાલ ના તબ્બકે, ફોરમ સમક્ષ સવાલવાળી અરજી રજુ કરીને, '' તેમના ખેતીવાડી વીજજોડાણ વાળા સ્થળ ની નજીક રહેલ એવા – ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ હોય તેવા અર્બન ફીડર માથી – ટાયમર સ્વીચ મુકીને – તેમના ખેતીવાડી વીજજોડાણ ને – ૧૦ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ હોય તેવા ખેતીવાડી ફીડર ને બદલે – ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ હોય – તેવા અર્બન ફીડર માથી વીજપુરવઠો મેળવવા માટે ની '' જે રજુઆત આપેલ છે. અરજદાર શ્રી ની આ માંગણી, જે રાજ્ય સરકાર પ્રારીત એવી – ખેતીવાડી વીજજોડાણ ને વીજપુરવઠો આપવા બાબતે ના, રાજ્ય સરકાર શ્રી દ્વારા નિયત કરાયેલ ઘોરણ અન્વયે ના માત્ર ખેતીવાડી ફીડર માથી જ વીજપુરવઠો આપવા ના ઘોરણની વિરૂધ્ધ ની માંગણી હોય – અરજદાર શ્રી ની સદર માંગણી, રાજ્ય સરકાર શ્રી પ્રારીત એવી નિતિ–વિષયક બાબત અન્વયે ની વીજકંપની ની નિયમાધીન પ્રણાલી હેઠળ સ્વીકારી શકાય નહી . |

**: નિષ્કર્ષ :**

**મુદદા નં.–૩ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદ અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ મા – તેમના હૈયાત ખેતીવાડી વીજજોડાણ ને – ફરીયાદ અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ મા – ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ હોય તેવા – અર્બન ફીડર ખેતીવાડી વીજજોડાણ ના સ્થળ ની નજીક રહેલ એવા – વીજપુરવઠો મેળવવા માટે ની માંગણી મુખ્યત્વે છે. પરંતુ, અરજદાર શ્રી ની આ માથી – ટાયમર સ્વીચ મુકીને – ખેતીવાડી વીજજોડાણ ને વીજપુરવઠો આપવા બાબતે ના – રાજય સરકાર માંગણી, જે રાજય સરકાર પ્રારીત એવી – ખેતીવાડી ફીડર માથી જ – હાલ ના તબ્બકે, પ્રતિદીન ૧૦ કલાક શ્રી દ્વારા નિયત કરાયેલ ધોરણ અન્વયે – માત્ર ખેતીવાડી ફીડર માથી જ – અરજદાર શ્રી ની સદર માંગણી, રાજય સરકાર શ્રી વીજપુરવઠો આપવા ના ધોરણની વિરૂધ્ધ ની માંગણી છે. જેથી, અરજદાર શ્રી ની સદર માંગણી, રાજય સરકાર શ્રી પ્રારીત એવી નિતિ–વિષયક બાબત અન્વયે ની વીજકંપની ની નિયમાધીન પ્રણાલી હેઠળ સ્વીકારવા યોગ્ય નથી. તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**હુકમ**

**મુદ્દા નં.–૪ :**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી, અરજદાર શ્રી ને આપવા બાબતે નો ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.